**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામના અરજદારે તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ આ કામના સામાવાળા વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૦૦ મુજબ સર્ચ વોરંટ કાઢવાની અરજી આપેલ. ત્યારબાદ સદર કામે આંક–૭ થી અરજદારના વિદ્વાન વકીલશ્રી તા.૧૦/૦૨/૨૦૨૬ના રોજ અરજદારના પત્ની આ કામના સામાવાળા એ અમદાવાદ ગોંધી રાખેલ છે, તેઓ વિરુદ્ધ સર્ચવોરંટ કાઢવા અને કબજો અપાવવાની અરજી આપેલ. ત્યારબાદ સદર અરજીની સુનાવણી માટે આ કામના અરજદારને પુરત તક આપવા છતાં તેઓ સદર કામે આજ દિન હાજર રહેલ નથી કે, તે અંગે કોઇ રજૂઆત પણ કરેલ નથી.

આજરોજ તા.૦૨/૦૭/૨૦૨૬ના પણ અરજદારને વારંવાર પોકાર કરવા છતાં અરજદાર કે, તેમના વિ.વકીલશ્રી હાજર રહેલા નથી કે, તેમના તર્ફે કોઈ રીપોર્ટ કે, રજુઆત કરવામાં આવેલ નથી. અત્રેની કોર્ટ દ્વારા અરજદારને કોર્ટમાં હાજર રહી રજૂઆત કરવા પુરતી તક આપવામાં આવેલ છે, છતાં ઘણા સમયથી સદર કામ આગળ ચલાવવામાં આવેલ નથી. જેથી આ કામે અરજદારને સદર અરજી આગળ ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. જેથી સદર અરજી ***"ડીસ્મીસ ફોર ડીફોલ્ટ"*** કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૨/૦૭/૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

(શાલિની એસ.બારઠ)
તા. ૦૨/૦૭/૨૦૨૬
સીવીલ જજ,
ઉમરેઠ.
Code No.-GJ01573.